# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-04-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, ભારત ટૂંક સમયમાં સૌથી મોટું અર્થતંત્ર બનવા જઈ રહ્યું છે.
2) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, ગુજરાત વૈશ્વિક અર્થતંત્રનું પ્રવેશદ્વાર બન્યું.
3) 26/11ના મુંબઈ આતંકી હુમલાના આરોપી તહવ્વુર હુસૈન રાણાને આજે ભારત લવાયો.
4) ચીનમાં એશિયા ચેમ્પિયનશિપ બૅડમિન્ટન ટૂર્નામૅન્ટમાં ભારતીય જોડી મિક્સ્ડ ડબલ્સના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી.
5) IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામેની મેચમાં દિલ્હી કેપિટલ્સે ટોસ જીતી બોલિંગ પસંદ કરી.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે આવતીકાલે સવારે ૭ વાગ્યેને ૧૦ મિનિટે આપ પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV PREZ SLOVAKIA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સ્લૉવાકિયાના બ્રાતિસ્લાવામાં વિદેશ મંત્રાલયમાં સ્લૉવાકિયા-ભારત વેપાર મંચનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સ્લૉવાકિયાના રાષ્ટ્રપ્રમુખ પિટર પેલિગ્રિની અને વિદેશ મંત્રી જુરાજ બ્લાનૅર પણ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, આ મંચ સહકાર બનાવવા અને વેપારની તકને પરસ્પર ભાગીદારીમાં બદલવાની એક શ્રેષ્ઠ તક પૂરી પાડે છે.

સુશ્રી મુર્મૂએ કહ્યું, ભારત સૌથી ઝડપથી વધતું અર્થતંત્ર છે અને ટૂંક સમયમાં સૌથી મોટું અર્થતંત્ર બનવા જઈ રહ્યું છે. રાષ્ટ્રપતિએ ઉમેર્યું, સશક્ત ઔદ્યોગિક અને વ્યૂહાત્મક આધારની સાથે સ્લૉવાકિયા ભારતને નવી તક પૂરી પાડે છે. ભારતની પ્રતિભા સ્લૉવાકિયાના અર્થતંત્ર માટે કિંમતી સાબિત થશે.

સ્લૉવાકિયાના રાષ્ટ્રપ્રમુખે આ પ્રસંગે કહ્યું, આ વેપાર મંચ તકને સફળતામાં ફેરવશે. તેમણે કહ્યું, બંને દેશ એક-બીજાથી ભલે દૂર છે, પરંતુ પરસ્પર સંબંધ ઘણા મજબૂત થઈ રહ્યા છે.

# HM CM GCCI

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, ગુજરાત આજે વૈશ્વિક અર્થતંત્રનું પ્રવેશદ્વાર બન્યું છે. ગુજરાતના અમદાવાદમાં ગુજરાત વેપાર મહામંડળ- GCCIના વાર્ષિક ટ્રેડ એક્સ્પો 'ગેટ 2025'નો ઑનલાઈન માધ્યમથી શુભારંભ કરાવતા શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું, ટ્રેડથી ટૅકનોલૉજી, ઇન્ફર્મેશન ટૅક્નોલૉજી- I.T.થી ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ- M.S.M.E.થી સ્ટાર્ટ-અપ સુધીના દરેક ઉદ્યોગને અનુરૂપ વાતાવરણ તથા જરૂરી સંશાધનોની ઉપલબ્ધતાના કારણે ગુજરાતે ઔદ્યોગિક વિકાસ નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરી છે.

**(બાઈટ: અમિત શાહ)**

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક્સ્પોની મુલાકાત લઈ વેપાર પ્રદર્શન નિહાળ્યું હતું. તેમણે જણાવ્યું, રાજ્યમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' સ્થાપવામાં GCCIનું મહત્વનું યોગદાન છે.

# HOMEOPATHY CONFERENCE

કેન્દ્રીય આયૂષ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું, તબીબી વિજ્ઞાનના વૈશ્વિક નકશા પર સ્થાન પામીને ગુજરાત ઇતિહાસ રચશે. ગાંધીનગરમાં બે દિવસની હોમીયોપેથી પરિષદના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી જાધવે જણાવ્યું, 'રોગમુક્ત ભારત અભિયાન'માં હોમીયોપેથી ઉપચારને સાથે રાખીને આવનારા સમયમાં કામગીરી કરવાની રહેશે.

**(બાઇટ: પ્રતાપરાવ જાધવ)**

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, 48 હોમિયોપેથી મહાવિદ્યાલય સાથે શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ગુજરાત દેશના અગ્રેસર રાજ્યમાં સ્થાન પામ્યું છે. શ્રી પટેલે જણાવ્યું, જામનગરમાં વિશ્વ આરોગ્ય સંસ્થા-W.H.O.નું વૈશ્વિક પરંપરાગત દવા કેન્દ્ર પરંપરાગત ચિકિત્સા પદ્ધતિમાં નવું સીમાચિહ્ન બનશે.

**(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ)**

દરમિયાન, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, દેશમાં મહારાષ્ટ્ર બાદ સૌથી વધુ 48 હોમિયોપેથી કોલેજ ગુજરાતમાં છે. હાલમાં ચાર હજાર 360 સ્નાતક અને 322 અનુસ્નાતકની બેઠક સાથે રાજ્યમાં હોમિયોપેથી શિક્ષણ માટેનું ઉત્તમ માળખું ઉપલબ્ધ છે. હાલમાં અંદાજે 15 લાખ જેટલા દર્દીઓ હોમીયોપેથી ચિકિત્સાનો લાભ લઈ રહ્યા છે જે ગૌરવ સમાન છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# RANA-EXTRADITION

26/11ના મુંબઈ આતંકી હુમલાનો આરોપી તહવ્વુર હુસૈન રાણાને આજે ભારત લવાયો છે. તેને લઈને એક વિશેષ ફ્લાઇટ આજે સાંજે દિલ્હીના પાલમ હવાઈમથકે પહોંચી હતી. ભારત-અમેરિકા પ્રત્યાર્પણ સંધિ હેઠળ શરૂ થયેલી કાર્યવાહી મુજબ કુખ્યાત રાણાને અમેરિકામાં ન્યાયિક કસ્ટડીમાં રાખવામાં આવ્યો હતો.

કેલિફોર્નિયાની મધ્યસ્થ જિલ્લા અદાલતે 16 મે 2023ના રોજ રાણાના પ્રત્યાર્પણનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ રાણાએ નવમી સર્કિટ અપીલ અદાલતમાં અનેક અરજી દાખલ કરી હતી. જે તમામને નકારી કાઢવામાં આવી હતી. ત્યારબાદ તેણે યુ. એસ. સર્વોચ્ચ અદાલત સમક્ષ પ્રમાણપત્રની રિટ, હેબિયસ પિટિશન અને કટોકટીની અરજી દાખલ કરી હતી, જેને પણ નકારી કાઢવામાં આવી હતી.

ભારતે અમેરિકાની સરકાર પાસેથી આતંકવાદી માટે આત્મસમર્પણ વોરંટ મેળવ્યા બાદ બંને દેશ વચ્ચે પ્રત્યાર્પણની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

# MP PROJECTS

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે મધ્યપ્રદેશમાં બદનાવર—ઉજ્જૈન રાષ્ટ્રીય ધોરીમાર્ગનું ઉદ્ઘાટન કર્યું. ભારતમાલા પરિયોજના હેઠળ આ રાષ્ટ્રીય રાજમાર્ગને એક હજાર 352 કરોડ રૂપિયાના ખર્ચથી બનાવવામાં આવી રહ્યો છે. શ્રી ગડકરીએ પાંચ હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારી 328 કિલોમીટર લાંબી 10 માર્ગ પરિયોજનાઓનું પણ ભૂમિપૂજન કર્યું.

આ પ્રસંગે શ્રી ગડકરીએ કહ્યું, મધ્યપ્રદેશમાં 33 હજાર કરોડ રૂપિયાના ખર્ચે પાંચ ગ્રીનફિલ્ડ ઇકોનૉમિક કૉરિડોર બનાવવામાં આવશે. તેમણે કહ્યું, ઓમકારેશ્વરમાં નર્મદા નદી પર વિશ્વ-કક્ષાના પૂલનું નિર્માણ કરાશે. સાથે જ એક હજાર 200 કરોડ રૂપિયાના ખર્ચે છ રોપ-વે પણ બનાવાશે. શ્રી ગડકરીએ ઉમેર્યું, રાજ્યમાં એક વર્ષમાં ત્રણ લાખ કરોડ રૂપિયાના પાયાની માળખાકીય પરિયાજનાઓને પૂર્ણ કરાશે.

# JAISHANKAR ABCSF

વિદેશ મંત્રી સુબ્રમણ્યમ જયશંકરે આજે નવી દિલ્હીમાં એશિયા બિઝનેસ કાઉન્સિલ સ્પ્રિન્ગ ફૉરમને સંબોધિત કર્યું હતું. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું, આ સંબોધનમાં આંતર-રાષ્ટ્રીય વ્યવસ્થામાં થઈ રહેલા ફેરફાર, ગ્લૉબલ સાઉથ પર તેમની અસર અને તેમના અવાજને આગળ વધારવામાં ભારતની મહત્વની ભૂમિકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

# DELHI BANGLADESHI ARREST

દિલ્હી પોલીસની ગુનાશાખાએ રાજધાનીમાંથી ગેરકાયદેસર રીતે રહેતા ચાર બાંગ્લાદેશી નાગરિકને શહેરના બવાના અને મહિપાલપુર વિસ્તારમાંથી ઝડપી પાડ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, પકડાયેલા આરોપીઓમાંથી ત્રણ આરોપી બવાના વિસ્તારમાં મિલકત લે-વેચનું કામ કરતા હતા. જ્યારે એક આરોપી ગત 15 વર્ષથી મહિપાલપુર વિસ્તારમાં રહેતો હતો.

પોલીસે જણાવ્યું કે, આ તમામ આરોપી ભારતીય નાગરિકતાના બનાવટી દસ્તાવેજ બનાવીને રહેતા હતા. પકડાયેલા લોકોને દેશનિકાલ માટે પોલીસે તેમને વિદેશી નોંધણી કચેરીને સોંપી દેવાયા છે.

# JK SECURITY FORCES

જમ્મુકાશ્મીરમાં- સુરક્ષા દળોએ આજે ઉધમપુર અને કિશ્તવાડ જિલ્લાઓમાં ફરીથી તપાસ અભિયાન શરૂ કર્યું છેઉધમપુર અને . સાથેની અથડામણ બાદ ઘેરાબંધી અને કિશ્તવાડમાં આતંકવાદીઓની તપાસ અભિયાન હાથ ધરાયું હતું .

જોફરચતરુના જંગલોમાં આ અભિયાન -માર્ટા અને નેદગામ- યથાવત્ છેથી -ગઈકાલે થયેલા ગોળીબાર બાદથી આ વિસ્તારોમાં બે . ત્રણ આતંકવાદી છૂપાયેલા હોવાની શક્યતા છે.

# BADMINTON ASIA CHAMPIONSHIP

ચીનના નિંગબો ખાતે ભારતના ધ્રુવ કપિલા અને તનિષા ક્રેસ્ટોએ એશિયા ચેમ્પિયનશિપ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં મિક્સ્ડ ડબલ્સના ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં ભારતીય જોડીએ ચીની તાઈપેના હૉન્ગ વેઈ યે અને નિકોલ ગૉન્ઝાલેસ ચૈનને 12—21, 21—16, 21—18થી પરાજય આપ્યો હતો.

દરમિયાન અશિથ સૂર્યા અને અમૃતા પ્રમુથેશની જોડી પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પરાજયનો સામનો કરી ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. ચીનના વેઈ યાક્સિન અને જિયાન્ગ જેનબેન્ગે, સૂર્યા અને પ્રમુથેશની જોડીને 11—21, 14—21થી પરાજય આપ્યો હતો.

જ્યારે મહિલા સિંગલ્સમાં પી.વી. સિન્ધુનો બીજા તબક્કામાં જાપાનનાં અકાને યામાગુચી સામે 11—21, 21—16 અને 16—21થી પરાજય થયો હતો. આ ઉપરાંત પુરુષ સિંગલ્સ પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં કિરણ જ્યૉર્જ, થાઈલૅન્ડના કુનલાવુત વિટિડસાર્ન સામે 21—19, 13—21, 16—21થી હારી ગયા હતા. તો અન્ય ભારતીય પ્રિયાંશુ રાજાવત પણ જાપાનના કોડાઈ નારાઓકા સામે 14—21, 17—21થી હારી જતા ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી ટ્વેન્ટી ક્રિકેટમાં આજે રૉયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે મૅચ રમાઈ રહી છે. બેંગ્લુરુમાં રમાતી મૅચમાં દિલ્હી કૅપિટલ્સે ટૉસ જીતીને બૉલિંગ_પસંદ કરી છે. બેંગ્લુરુની ટીમ રજત પાટીદાર અને દિલ્હીની ટીમ અક્ષર પટેલના સુકાની હેઠળ રમી રહી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, રૉયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ-એ 5.4 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 64 રન બનાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, દિલ્હી કૅપિટલ્સ સતત ત્રણ જીત-થી છ પૉઈન્ટ સાથે પૉઈન્ટ ટૅબલમાં ત્રીજા સ્થાન પર છે. જ્યારે બેંગ્લુરુ ચારમાંથી ત્રણ મૅચ જીતી ચોથા સ્થાન પર છે.